# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આહાહાહા શી ટાઢ!
જડબામાં જકડી લે સૌને,
જાણે જમની દાઢ,
આહાહાહા શી ટાઢ!

ગોદડીયુંની વચ્ચે ગરતી,
કરતી કૈંક અડપલાં,
પચાસ હેઠે પારો જાતાં,
પહેરું ડબ્બલ કપડાં.
ટાઢ કહે કે ' હુંય ઠરુ છું,
બહાર મને કા કાઢ?'
આહાહાહા શી ટાઢ!

શગડી ફરતા શીતળતાના
કોટ ચણાયે જાતા,
ચૂલા પાસે દાતણ કરતાં,
કૈંક વળે છે શાતા.
ત્યાં તો સુસવે સમીર જાણે,
પેટે ઊપડી વાઢ.
આહાહાહા શી ટાઢ!

- મીનપીયાસી

## પાથેય

- રમેશ ઠક્કર

## પથરાતી ટાઢ...

નવા વરસના નજરાણામાં ગમવા જેવું તો ઘણું હોય છે..પણ મને ગમે છે ટાઢનો પગરવ..એના પ્રસરવામાં એક જીવંતતા હોય છે..એની કુમક હોય છે..દિવાળીથી દેવ દિવાળી સુધીના સમયની રન વે પટ્ટી ઉપર એ હળવેકથી દોડવાનું શરૂ કરે છે..ઉતરતા કારતકે એનો ઘેરો ઘરઘરાટ અનુભવાય અને માગશરના મળસ્કે તો એ ટેઈક ઑફ કરી લે છે..!ટાઢનું ઉડ્ડયન મારા માટે હંમેશાં વિસ્મયનો વિષય રહયો છે.

ટાઢ એટલે કે ઠંડી એમ કોઇ સીધોસાદો વિષય નથી.આજકાલ ઓર્ગેનિક ફૂડ અને આધુનિક ફુડ અને પેકેજડ ફૂડ એવી બધી વિભાવનાઓ ચાલે છે..આવું ઠંડી માટે પણ કહી શકાય..વાતાનુકુલિત મશીનોથી નીપજતી ટાઢ પેકેજડ ફૂડ જેવી હોય છે..ઠીક છે આપણું કામ ચાલે..બાકી ઓર્ગેનિક ટાઢ એટલે શું ? માગશરની વહેલી સવારે ભીની બનાસના મોહપાશમાં જકડાયેલા કામલપુર ગામનું પાદર જોયું હોય એ જ જાણી શકે ! એય બધું હવે તો લુપ્ત થતું જાય છે..એ પાદર ઉપર પણ હવે તો આધુનિક ચાદર લપેટાઈ ગઈ છે..મારા જેવા કોઈક જ એને ઉખેળવાની તાલાવેલી રાખતા હોય છે..બનાસના શ્વાસોશ્વાસ જેવી એ ટાઢને શોધવી એતો જીવનનો અર્થ શોધવા જેવી બાબત બનતી જાય છે..એના એકાદ સ્પર્શથી ગ્રામ્ય ભટુરિયાંના કોમળ ગાલ ઉપર જે રેખાઓ અંકિત થઈ જતી એ રેખાઓ જ કદાચ અમારી હસ્તરેખાઓ બની ગઈ છે !

આજના બાળક કે કિશોર પાસે બધું જ છે પણ ટાઢા ટબુકલાની રસપ્રદ સૃષ્ટિ નથી.."હું વાઘથી ના ડરૂં સિંહથી પણ ના ડરૂં..બસ એક ટાઢા ટબુકલાથી ડરી જાઉં.." એવો એકરાર કરતી કોઇ ગ્રામ્યમાતા એ અમારી કલ્પનાસૃષ્ટિની હિરોઇન છે..! અમારી પાસે ઘોંઘાટ કરતી કે ચિચિયારીઓ પાડતી કોઇ ગેમ ના હતી..બસ આવી વાતો અને કથાઓ હતી જે અમારા અંતર મનમાં આયખાભર સચવાઈ જતી !

ખબર પણ ના રહી અને આ ટાઢ મને ક્યાં દોરી ગઈ ? મારે વાત કરવી હતી એના પગરવની અને આપણે પહોંચી ગયા એના પ્રસવ પ્રદેશમાં.!મને જો કે સારૂં લાગ્યું..હું કાંઇ જયંત પાઠક જેવો કવિ કે મણિલાલ હ.પટેલ જેવો લેખક નથી..ગામડાના મારા અનુરાગને હું એટલી કલાત્મક રીતે કદાચ આલેખી ના શકું..છતાં એને ઉવેખી પણ ના શકું ! સાહિત્ય એ ખોજનો વિષય છે..સર્જક કશુંક ને કશુંક ખોતરતો રહે છે..કોઇ પગદંડી શોધે છે...કોઇ પાદર..કોઇકને સતાવે છે ધરતી ઉપરથી લુપ્ત થયેલી એ અજાયબ ચાદર..કોઇકને ખેતર વચાળે ખીલેલું આભલું યાદ આવે છે...રાવજી જેવા કવિ તો છાસની ઢોચકી સુધી ખણખોદ કરી આવે છે..લા.ઠા.જેવા કવિ પાટડીના એમના શિશુ સમયની વૈધ પિતાના ઓસડિયાંની ગંધ આમતેમ શોધે છે..ચંદ્રકાંત બક્ષી લીલી નસોમાં પાનખર શોધે છે..મારી તલાશ બનાસના કાંઠે ઢબુરાઇ ગયેલી એ ટાઢ છે !

# સંઘે સત્ય કહેવાની જરૂર છે

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર્વોચ્ચ હોદ્દેદારો સમય આવ્યે પ્રજાની નાડ પારખીને સાચી અને ટકોરાબંધ રજૂઆત કરતા રહે છે. આ એમની અને શાસક પાર્ટી વચ્ચેની સમજૂતી હશે એવું અનુમાન પણ કરી શકાય. સંઘ પોતાનો તટસ્થ અભિપ્રાય ધરાવે છે અને ભારતીય જનતા પાર્ટી એની રાજકીય પાંખ હોવા છતાં એ સત્તાધારીઓની શેહમાં આવ્યા વગર લોકોનાં દુ:ખદર્દને વાચા આપે છે - એવી મૂઠી ઊંચેરી ઈમેજ ટકાવી રાખવા માટે સંઘ સતત પ્રયત્નશીલ રહે છે. સંઘના સર્વોચ્ચ વડા હિંદુ રાષ્ટ્રની વાત તો કરશે જ; પરંતુ એમની હિંદુની વ્યાખ્યા બહુ વ્યાપક છે. એ હિંદુસ્તાનમાં રહેનાર દરેક નાગરિકને હિંદુ જ માને છે. પૂજા પદ્ધતિ અલગ હોય એથી શું ? મોહન ભાગવતે હવે વિજ્ઞાનનો હવાલો આપીને 'ડીએનએ' ફિલસૂફી વિકાસવી છે. હિંદુ અને મુસલમાન બેઉ મૂળે તો આગળ-ઉપર જતાં એક જ બાપનો વસ્તાર છે. એમના ડીએનએ સમાન છે. એટલે મુસલમાનો સંઘ માટે પારકા નથી. શરત એટલી કે તેઓ ભારત માતાની જય બોલે અને વંદે માતરમ્ ગાવામાં સંકોચ ન અનુભવે. સંઘ ભાજપના શાસનમાં ફાલ્યો ફૂલ્યો છે અને એક સ્વૈચ્છિક સામાજિક સંસ્થા તરીકે એ દુનિયાની પહેલા ક્રમાંકની સંસ્થા કે સંગઠન છે. હમણાં સંઘના વરિષ્ઠ હોદ્દેદારો હોસબોલેએ દેશમાં પ્રવર્તી રહેલી ગરીબી અને બેરોજગારીના મુદ્દે ચિંતન કર્યું છે તથા ચિંતા વ્યક્ત કરી છે. ગરીબીને એમણે રાક્ષસ સાથે સરખાવી છે અને દેશમાં ચાર કરોડ લોકો બેરોજગાર છે એની કાળજું કંપાવતી વ્યથા ઠાલવી છે. સ્વદેશી જાગરણ મંચ દ્વારા આયોજિત વેબિનારમાં એમણે જમાવ્યું હતું કે ૨૦૦ મિલિયન અર્થાત્ ૨૦૦૦૦૦૦ (વીસ કરોડ) લોકો ગરીબી રેખા નીચે જીવે છે. દેશની આર્થિક પ્રગતિ વિશે બહુ મોટી વાતો કરતા રહેતા ભાજપના નેતાઓ અને વડાપ્રધાન માટે હોસબોલેનો આ પુણ્યપ્રકોપ જીરવવો અઘરો છે, પરંતુ કઠોર સત્ય છે તે છે જ. એને છુપાવી શકાશે નહીં, એટલું સંઘ બરાબર સમજે છે. પાંચ ટ્રિલિયનની પ્રચંડ ઈકોનોમી બનવા માગતા રાષ્ટ્રની વાસ્તવિકતા તો આ છે. વિપક્ષના આક્ષેપો કરતાં સંઘના મહાસચિવની આંકડાકીય રજૂઆત વધારે વિશ્વસનીય લાગે છે. ત્રેવીસ કરોડ લોકોની રોજિંદી આવક રૂા. ૩૭૫ થી વધારે નથી. આ બાબતને ઢાંકી રાખીને વડાપ્રધાન અને નાણાંપ્રધાન સહિત તમામ શાસક પક્ષના નેતાઓ ભારતના 'ગ્રોથરેટ'ની ગુલબાંગો પોકારતા રહે તે કેટલું ઊચિત છે ? છેવટે સત્ય તો છાપરે ચડીને બોલતું હોય છે. વીવીઆઈપી પ્રવાસો પાછળ અને સુરક્ષા પાછળ કરોડો નહીં, અબજોનો ધુમાડો થતો રહે છે. શું એ ખર્ચ પર ખુદ કેન્દ્ર સરકાર સ્વૈચ્છિક અંકુશ ના મૂકી શકે? ઉદ્દ્ઘાટનો અને લોકકલ્યાણકાર્યોની જાહેરાતો પાછળ થનારો લખલૂટ ખર્ચ બચાવી એનો બેરોજગારોને બેરોજગારી ભથ્થું આપવા માટે ઉપયોગ ન કરી શકાય? હજી એની શક્યતા પ્રત્યે પણ પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે એવી દિલ્હી અને પંજાબની શાસક પાર્ટી છાશવારે ગુજરાતમાં આવીને કેવી કેવી આમલી પીપળી બતાવતી રહે છે! આખરે નાછૂટકે ચૂંટણીપંચને અને અદાલતોને હસ્તક્ષેપ કરવો પડે એવી નોબત આવી છે. આવી બધી વચનોની લ્હાણી કરો છો ત્યારે એ પણ બતાવો કે એ માટે જરૂરી નાણાં ક્યાંથી આવશો ? અલાદીનના ચિરાગ લઈને તો નથી ઊતરી આવ્યા કે તમે મનમાં સંકલ્પ કરો ને નાણાંનો ધોધ વહેવા લાગે. સંઘ જેવા સંનિષ્ઠ સંગઠને એની રાજકીય શાખા ગણાતી ભારતીય જનતા પાર્ટીને પણ હોસબોલેના નિવેદન દ્વારા એક આકરો સંદેશ જ પાઠવ્યો છે. રાજકીય પાર્ટીઓ માટે સત્તા એ જ છેલ્લું લક્ષ્ય હોય છે, જે લોકશાહી સામેનો બહુ જ મોટો ખતરો બની રહેશે. વાતો સેવાની કરવાની પણ ધ્યાન તો સત્તાની ખુરશી પર જ કેન્દ્રિત કરેલું રાખવાનું - એવા જુઠાણાથી ઓતપ્રોત રાજનીતિ સામે સંઘ સહિત અન્ય સ્વૈચ્છિક ને નાગરિક સંગઠનોએ અવાજ બુલંદ કરવો પડશે અને આંખ લાલ કરવી પડશે. આપણી બ્યુરોક્રસીને નીતિમત્તા જેવું કશું છે જ નહીં. એ માત્ર એક જ સિદ્ધાંત પર ચાલે છે : બોસ ઈઝ ઓલ્વેઝ રાઈટ ! આવી સ્થિતિમાં લોકશાહીની હાલત તો ખાનદાન ખોરડાના ઊંચા ઓરડે પુરાઈ ગયેલી વહુવારુ જેવી જ બની રહે તે સમજી શકાય એમ છે. સંઘ જેવું પ્રતિષ્ઠાન સત્ય ઉજાગર કરી શાસકોની કાનપટ્ટી પકડે અને બ્યુરોક્રસીને પણ એની રાષ્ટ્રીય ફરજનું ભાન કરાવી શકે તો એ દેશ માટે ઊજળા ભવિષ્યનો સંકેત બની રહેશે.

# ગુડનાઈટ ... હેવ સ્વીટ ડ્રીમ્સ...



રંગ અને વ્યંગ

અનંત પટેલ

વોટ્સ અપ ઉપર મારા મિત્ર ચીમન ચપટીને રાત્રે કોઈ ગુડનાઈટનો મેસેજ મોકલે એ એને ગમે પણ "હેવ સ્વીટ ડ્રીમ્સ " એવું લખે એ એને ના ગમે. બારમા સુધી ભણેલો એટલે એ અંગ્રેજી લખેલું વાંચે પણ અર્થ ન સમજાય એટલે અમારામાંથી કોઈકને એનો અર્થ પૂછી જ જાય... એ મને હેવ સ્વીટ ડ્રીમ્સનો અર્થ પૂછવા આવ્યો તો મેં એને સમજાવ્યું કે આ સંદેશા દ્વારા તમને રાત્રે મીઠી ઉંઘ આવે ,સરસ મઝાનાં સપનાં આવે એવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સાંભળી ચીમન ખિજાયો અને કહેવા લાગ્યો,

"સાહેબ, આ મેસેજ મોકલનારને કહી દો કે મારે સુંદર સપનાં જોવાં નથી, મને તો નિરાંતે ઉંઘ આવી જાય એટલું પૂરતું છે.....અને હવેથી એ મને આવા મેસેજ ન મોકલે... 'કેમ લ્યા ? એમાં તને શું વાંધો છે ?આ તો સારી ભાવનાની વાત છે...' મેં વધારે સ્પષ્ટતા માટે પૂછ્યુ, તો એ ગરમ થઈને બોલ્યો, 'અરે એમની ભાવના જાય તેલ લેવા...મને આખી રાત આમે ય ઉંઘ તો આવતી નથી ને જેવી જરા આંખ મળે છે કે ભયંકર સપનાં આવવા મંડે છે તે સપનામાંથી ઝબકીને જાગી જવાય છે, ડરામણાં સપનાંથી બહુ બીક લાગી જાય છે અને આખા શરીરે પરસેવાથી રેબઝેબ થઈ જાઉં છું....!!!' ચીમને એને આવતાં ખરાબ સપનાંની અને એનાથી થતા દું;ખની વાત કરી. " પણ મને એ તો કહે કે તને કોનાં સપનાં આવે છે ?સપનામાં કોણ દેખાય છે ?કોઈ તને મારવા આવે છે ??" મેં સપનાની વિગતો જાણવાના આશયથી પૂછ્યુ. ' અલ્યા ભઈ, મારા સપનામાં કુણ આવે ? મને તો મારી બા અને બાપા જ દેખાય છે... ને મને પાછી જાત જાતની ને ભાત ભાતની શિખામણો જ આપવા માડે બોલો..." "હા એ તો ઠીક છે પણ આમાં બીવા જેવું શું છે ? " " અરે એ તો શરૂમાં હસતાં હસતાં બોલે છે ને પછી મારી નજીક આવી ને મારા માથે હાથ મૂકે છે તો એમના હાથનો મને બહુ ભાર ભાર લાગે છે ને એમ થાય છે કે હમણાં હું મરી જઈશ....હું તો બચાવો બચાવો એવી ચીસ પાડવા લાગું છું પણ મારી ચીસ કોઈ સાંભળનાર હોતું જ નથી...મારી બાજુના ખાટલામાં સૂતેલી મારી પત્ની પણ જગતી જ નથી.... ને ફટાક કરતીક મારી આંખ ઉઘડી જાય છે..." "ઓહો એમ વાત છે ! તો તો ભાઈ તને સપનાં ના આવે એવું કાંઈક કરવું જ પડશે...પણ આમાં કેવું છે કે આપણે કોઈને મેસેજ મોકલવાની ના પાડીએ તો એ પાછા આપણને બીજા સત્તર સવાલ કરે ! એના કરતાં તો તારે હવે આવો મેસેજ જેવો આવે કે તરત જ ડીલીટ કરી નાખવો...એ મેસેજ તારા ફોનમાં હોય જ નહિ એટલે તારે સપનું આવવાની ચિંતા ય રાખવાની નહિ...ને બીજું ખાસ સાંભળ, રાત્રે સૂતા પહેલાં હનુમાન ચાલીસા બોલવાનું રાખજે.. જો જે તારાં સપનાં બંધ ના થઈ જાય તો મને કહે જે..." મેં ચીમનને લાંબી લચ સલાહ આપી ને શાંતિથી સૂવા માટે સમજાવ્યો.

બે ત્રણ દિવસ મેં કહ્યુ એમ કર્યુ પણ પછી કોઈએ વોટસ અપ ઉપર એકાદ પ્રેરણાત્મક વીડીયો મોકલ્યો એમાં કોઈ વક્તાએ દરેક વ્યક્તિએ કે યુવાને એના જીવનમાં સુંદર સપનાં તો જોવાં જ જોઈએ, જેથી કરીને એને પાર પાડવાની દિશામાં આગળ પ્રયત્નો થઈ શકે આવું બધું ભારપૂર્વક સમજાવેલું એ સાંભળીને ચીમન પાછો મારી પાસે આવીને કહે, " લ્યો આ વીડીયો વાળા સાહેબ તો પાછા સપનાં જોવાની જ સલાહ આપે છે તો હવે તમે જ મને સમજાવો કે મારે શું કરવું ? બસ આખી રાત બીક લાગે એવાં ખરાબ સપનાં જ જોયા કરવાં ??" આના જવાબમાં મેં એને સમજાવ્યો કે," ચીમન, આ જે વાત છે તે તને જે સપનાં આવે છે તેની વાત નથી, આ તો માણસે પોતાનાઆ ભવિષ્યમાં કેવી રીતે આગળ આવવું ? કેવી રીતે પૈસા કમાવા ? કેવી રીતે સુખી થવું ?? એની સમજણ એમાં આપી છે, અહીં સપનાં સેવવાની વાત છે રાત્રે ઉંઘમાં સપનાં જોવાની નહિ..."આ સાંભળી થોડીવાર મારી સામે જોઈ જ રહ્યો...મને લાગ્યુ એને મારી વાત ગળે ઉતરી નથી એટલે મેં એને ફરીથી વિસ્તાર પૂર્વક સમ્જાવ્યુ ને છેલ્લે કહ્યું કે તું રોજ હનુમાન ચાલીસા કરવાનો નિયમ રાખીશ તો તો તને કોઈ સપનું ય નહિ આવે ને કોઈ રંજાડ પણ કરશે ન્નહિ... ગમે તે બન્યુ હોય પણ તે દિવસ પછીથી ચીમને મને એનાં સપનાં કહેવાનું બંધ કરી દીધું છે....

-૯૮૯૮૪૦૯૦૫૩

anantpatel135@yahoo.com

# સોનલ ભાભી શાંત થવાનું નામ નહોતાં લેતાં



સ-રસ

મમતા બુચ

"શું, મહેતાસાહેબ, ક્યાં જવાનો વિચાર છે?", હું ઓફિસમાં મારા કામમાં મગ્ન હતો ત્યાં અચાનક પાછળથી આવીને પંડ્યાભાઈ મારા કાનમાં ટહુકયા. આવી મોં-માથાં વગરની વાત માટે હું તૈયાર નહોતો. એટલે મેં ભોળે ભાવે જવાબ આપ્યો, "બસ, જુઓ ને, અહીંથી છૂટીને ટી.વી. ના રિમોટના સેલ લેવાના છે, તે સામેની દુકાનેથી બે લઈ લઈશ. અને પછી તમારી ભાભી કહેતી હતી કે ઘરમાં બટેટાં ખલાસ થઈ ગયાં છે તે બે કિલો લેતા આવજો એટલે શાક-માર્કેટમાંથી....."

પંડ્યાભાઈએ વચ્ચેથી જ મને ઝાટક્યો, "હવે એ નથી પૂછતો! તમે ય યાર, ટ્યૂબલાઈટ છો!" હું ડઘાઈ ગયો પણ એમને એવું કહેવાનો હક હતો. પંડ્યાભાઈ મારા ઓફિસના સહકર્મચારી અને મારા બહુ સારા મિત્ર. પણ એમના પ્રશ્નનો હેતુ શું હતો એ મને એ સ્પષ્ટતા ન કરે તો ક્યાંથી ખબર પડે?

મેં દબાયેલા અવાજે પૂછ્યું, "તો તમે શેની વાત કરો છો?" એ મારી બાજુમાં બેઠા, "હું એમ કહું છું કે તમારાં બાળકોને પણ દિવાળીનું વેકેશન હશે ને?" મેં કહ્યું, "હા, હશે જ ને, ભારતમાં ભણે છે એટલે..." એ ફરી બગડ્યા, "તમે ય યાર, સીધી વાતના સીધા જવાબ આપતા જાવ!" મેં કહ્યું, "હા, એવું તો તમારી ભાભી પણ વર્ષોથી કહે છે!"

એ સીધા મૂળ વાત પર આવ્યા, "મહેતાજી, હું એમ વિચારું છું કે આપણે બે ય ફેમિલી આ વખતે દિવાળીમાં ફોરેન ફરવા જઈએ તો?" "ફોરેન?", મારો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે ઓફિસમાં બધાંનું ધ્યાન અમારી તરફ ગયું. પંડયાજી બગડ્યા, "તમે આમ ભડકો નહીં! ફોરેન જવાનું કહયું છે, સ્વર્ગમાં નહીં!" મેં કહ્યું, "પંડયાજી, આટલા ટૂંકા પગારમાં તો ફોરેન સ્વર્ગ જ કહેવાય આપણા માટે!" એ કહે, "હા, તે રહેવા નથી જવાનું ત્યાં! થોડા દિવસ ફરવા જ જવાનું કહું છું. એક કામ કરો, તમે આજ સાંજે મારા ઘરે આવો. આપણે શાંતિથી બેસીને ચર્ચા કરીએ."

મનમાં અનેક તર્ક-વિતર્કો સાથે હું સાંજે એમના ઘરમાં પ્રવેશ્યો. પંડયાજી એમના ડ્રોઈંગરૂમમાં હીંચકા ઉપર બેઠા હતા અને સામે કેટલી ય ટ્રાવેલ્સનાં બ્રોશર્સ પડ્યાં હતાં. "આવો, આવો, મહેતાજી....", એમણે ઉમળકાપૂર્વક આવકાર આપ્યો. હું એમની બાજુમાં ગોઠવાયો. "બોલો, શું કહેતા હતા?", મેં પૂછ્યું.

એમણે ધીમેથી કહ્યું, "શું કહેવું છે તમારું? બેંગકોક, પટાયા......?" મેં કહ્યું, "ભાભીને ખબર છે?" ત્યાં અંદરથી સોનલભાભી ધસી આવ્યાં, "કોને પટાવી છે?" પંડયાજી થોથવાયા, "કોઈને નહીં! તને એવું કેમ લાગ્યું?" સોનલભાભી હજી ગુસ્સામાં જ હતાં, "કેમ તે તમે કો'ક બેનને પટાવ્યાં એમ ગૂસપૂસ કરતા હતા ને એટલે! મને ઘણા વખતથી ડાઉટ તો હતો જ!"

હું મિત્રની વહારે આવ્યો, "અરે ના, ભાભી, એ તો પતાયા જવાની વાત કરે છે!" પણ સોનલભાભી શાંત થવાનું નામ નહોતાં લેતાં, "એ તો તમે એના ભાઈબંધ ખરા ને એટલે એનું ઉપરાણું ખેંચો! બાકી સાચા હોવ તો એમ કેમ પૂછતા હતા કે ભાભીને ખબર છે કે નહીં!" પંડયાજી માંડ-માંડ બોલ્યા, "હું તો તને સરપ્રાઈઝ આપવા માંગતો હતો! " મેં કહ્યું, "હા ભાભી, એ બાબતે જ મેં પૂછ્યું કે ભાભીને ખબર છે કે નહીં!"

સોનલભાભી બોલ્યાં, "ફોરેન ફરવા જવાની વાત તો રહેવા જ દેજો! ગયા વેકેશનમાં "આપણે એબ્રોડ જવાનું છે" એમ કહીને અમને નેપાળ લઈ ગયેલા! અને ત્યાં ય પેલી ચૂંચલીઓને જોઈને કહે કે ફોરેનનાં લોકોની સ્કીન કેટલી વ્હાઈટ હોય છે, બોલો! હવે તમે જ કહો મહેતાભ'ઈ, એમાં કઈ મોહી પડવા જેવુ હોય છે ખરું?"

પંડયાજી ઝંખવાણા પડી ગયા, "હવે એ તો મેં એમ જ, ગૂડ ફેથમાં કહેલું! એમાં મહેતાભ'ઈને શું કામ વચ્ચે લાવે છે! તું ય તે આમ તો બહાર કાઢ્યા જેવી છે નહીં! નેપાળ જતી વખતે નાસ્તાનો થેલો એરપોર્ટ પર ક્યાંક મૂકાઈ ગયેલો તે આમથી તેમ રઘવાઈ-રઘવાઈ ફરતી હતી ને આખું એરપોર્ટ માથે લીધેલું! પ્લેનમાં ચડે જ નહીં, બોલો! ને પ્લેનમાં બેસવાના એનાઉન્સમેંટની રાહ જોઈને બેઠેલાં ત્યાં સીટ રોકવા મૂકેલો ત્યાંથી મળ્યો તે હરખથી "અંબે....માતકી જય" કરીને એવી બૂમ પાડેલી કે આંખું એરપોર્ટ ધ્રૂજી ગયેલું!"

એટલામાં પંડ્યાજીનો મોન્ટુ ત્યાં આવ્યો અને સીધો જ ચાલુ ગાડીમાં ચડી ગયો, "પપ્પા, તમે તો રહેવા જ દો, હોં! આપણે નેપાળમાં પેલી હોટેલમાં ગયાં હતાં ત્યારે બધાં ચાઈનીઝ ખાતાં હતાં પણ તમને તો ચોપસ્ટિક પકડતાં ય નહોતી આવડતી! અરે, એને ચોપસ્ટિક કહેવાય એ ય ખબર નહોતી!"

પંડયાજી ખરેખરા બગડ્યા, "તું ચૂપ રહે ને ચિબાવલા! બાપદાદે કોઈ દિવસ ચોપસ્ટિકનું નામે ય તેં સાંભળ્યું છે? અને એ ખાતાં ના આવડે તો નેપાળના વિઝા ના મળે?" જવાબમાં મોન્ટુ ખડખડાટ હસ્યો, "હી, હી, હીપપમમ્મી, પપ્પાને તો એટલી ય ખબર નથી કે નેપાળ જવા માટે વિઝાની જરૂર નથી!" પંડ્યાજીની ભ્રમરો વાંકી થઈ ગઈ, "એમ? તો ચાંપલા, કોણ તને અને તારી મમ્મીને નેપાળ લઈ ગયું હતું? બાબરો ભૂત?" જવાબમાં મોન્ટુ મોંઢે હાથ રાખીને એવું સૂચક હસ્યો કે પંડયાજી એની પાછળ હાથ ઉગામીને દોડ્યા! મોન્ટુ "હી,હી,હી" કરતો બહાર દોડ્યો.

સોનલભાભી હજી પણ મોન્ટુનો પક્ષ ખેંચવાના મૂડમાં હતાં, "એને શું કામ લડો છો? બુદ્ધિનું પ્રદર્શન કરવું એ તો તમારી ખાનદાની બીમારી છે! મહેતાભ'ઈ, મારી નણંદ એના ફેમિલી જોડે અમેરિકા ફરવા ગઈ હતી તે ત્યાં હાઈ-વે ઉપર વાહનોના રોડ ઉપર ચાલતી નીકળી તે પોલીસે પકડી! પૂછ્યું તો કહે કે મને એમ કે આ તો ફ્રી-વે છે તે અહીં બધાં ફ્રીલી ફરતાં હશે! એને એટલી ય ખબર નહીં ત્યાં તો હાઈ-વે ને ફ્રી-વે કહેવાય છે ને એની ઉપર પગપાળા ના જવાય! એના માટે ફૂટપાથ ઉપર ચાલવું પડે!"

પંડયાજીએ બહેનનો ગુસ્સાભર્યો બચાવ કર્યો, "હા, તે એ થોડી રાણી વિક્ટોરિયા છે કે એને ત્યાંના બધા કાયદા ખબર હોય?" હું દબાયેલા સવારે બોલ્યો, "પંડયાજી, ભાભી અમેરિકાની વાત કરે છે ને રાણી વિક્ટોરિયા ઈંગ્લેન્ડનાં રાણી હતાં!" સોનલભાભી "ફોર્મ"માં આવી ગયાં, "જોયું ને મહેતાભ'ઈ, કેટલી અક્કલ છે તે! બહેનનું નામ પડે ત્યાં સાચું હોય કે ખોટું- પક્ષ ખેંચવાનો એટલે ખેંચવાનો!"

વાત પારિવારિક પ્રશ્નો સુધી પહોંચી ગઈ હતી એમ લાગતાં મેં ચર્ચા ઉપર પૂર્ણવિરામ મૂક્યું, "હું ઘરે જઈને પ્રથમને પૂછી લઈશ કે એને ક્યાં સુધી દિવાળી વેકેશન છે. પછી આગળનો પ્રોગ્રામ ઘડીએ."

બીજે દિવસે ઓફિસમાં પંડ્યાજીને મેં કટાણા મોંઢે જણાવ્યું, "સોરી પંડ્યાસાહેબ, પ્રથમને બે-ત્રણ દિવસની જ રજાઓ છે અને એને એંજિનિયરિંગનું પહેલું જ વર્ષ છે એટલે આ વખતે તો ફોરેન જવાનો મેળ પડે એમ નથી." એ વાત અલગ છે કે પ્રથમને પોતાને આ રજાઓ બાબતની જરા ય જાણ નહોતી!

# ભારત એટલે યોગીઓ અને મુનિઓની ભૂમિ



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એક વાર શ્રી અરવિંદ જેલમાં હતા ત્યારે કોઈએ એમને પૂછ્યું કે તમે હાથે કરીને કલેકટરની પરીક્ષામાં નાપાસ થયેલા ને? તમે ઘોડેસવારીની પરીક્ષા આપી જ નહોતી.

હવે એ વખતે વાહનો ના હતા. જ્યારે પણ કોઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું થતું એમને ઘોડા પર બેસીને જવું પડતું. એમાંય જ્યારે તમે કલેકટર જેવા પદ પર વિરાજમાન હો ત્યારે ઘડીએ ઘડીએ બહાર આવવા જવાનું થાય એટલે જ કલેક્ટર સાહેબને ઘોડેસવારી આવડવી જોઈએ એ ફરજિયાત હતું. શ્રી અરવિંદે હાથે કરીને એ પરીક્ષા આપવાનું ટાળ્યું હતું. બદલામાં એમને નાપાસ જાહેર કરાયેલા અને એમને કલેક્ટર જેવી નોકરી ગુમાવવી પડેલી. શ્રી અરવિંદે એમને સવાલ પૂછનાર તરફ એક નજર કરી અને કહ્યું એ સરકારી નોકરી બિલકુલ મારા આ વાડકા જેવી હતી. આમ જુઓ તો હાલ આ જેલવસ્થામાં આ વાડકો મારે માટે સૌથી વધારે ઉપયોગી છે. મારે એના વિના ચાલે એમ નથી. એ મને પ્રિય છે અને તોય એને હું જ્યારે જોઉં ત્યારે મનમાં પહેલો વિચાર એને ત્યજી દેવાનો આવે છે.

પેલા માણસને સ્વામીની વાત ના સમજાણી એટલે એમણે સહેજ વિસ્તારથી કહ્યું, આ વાડકો હું સવારે ચા/દૂધ પીવા વાપરું છું. જમતી વેળાએ દાળ ભરવા પણ આનાથી જ ચાલી જાય છે. સૂતી વેળાએ હું એને માથા નીચે મૂકી તકિયો બનાવી લઉં છું. ક્યારેક વાંહો ખંજવાળવા પણ એ ખૂબ કામનો છે. કોઈ ઓફિસર આગળ મારે વિરોધ નોંધાવવાનો થાય ત્યારે હું આ વાડકો પછાડી અવાજ કરી શકું છું.

પેલા માણસે કહ્યું, અચ્છા અચ્છા હવે હું સમજી ગયો. આ વાડકો તમારા માટે ખૂબ કિંમતી છે. એ તમારા ઘણા બધા કામમાં આવે છે. એને લીધે જ તમે હાલ જેલમાં પુરાયેલા છો એ વાત તમે ભૂલી નથી શકતા એટલે જ એ તમને એને છોડીને અહીંથી બહાર નીકળી જવાનું મન થાય છે.

શ્રી અરવિંદે તરત જ કહ્યું એ બધું તો ઠીક પણ જ્યારે હું સંડાસ જાઉં ત્યારે મારું ટબલર પણ આ વાડકો જ હોય છે!

છેવટ સુધી વાડકો તો એનો એ જ રહે છે ભલે પછી પ્રવૃત્તિ અલગ અલગ કરાય. શ્રી અરવિંદનું સરકારી નોકરીનું ના કરવા પાછળનું કારણ પણ એવું જ હતું. તમે વકીલ બનો, ઓફિસર બનો કલેક્ટર બનો છેવટે કામ તો બધું અંગ્રેજોને માટે જ કરવાનું ને...અને એમના મનમાં જ્યારે અંગ્રેજોની ગુલામી નહીં કરી ભારત દેશને આઝાદ કરવાનો વિચાર ચાલતો હોય ત્યાં એ સરકારી નોકરીનું પ્રલોભન કેટલું ટકી શકે!

શ્રી અરવિંદ જ્યારે નાના હતા ત્યારે એમના પિતાને થયેલું કે ભારતીય તરીકે હવે આ દેશમાં જીવવું દુષ્કર થઈ ગયું છે ત્યારે બાળકોને અંગ્રેજી તાલીમ આપીને તૈયાર કરવા જ હોશિયારી છે. એમણે ધ્યાન રાખ્યું કે શ્રી અરવિંદ અને એમના મોટા ભાઈ પર બંગાળીઓનું એકેય લક્ષણ વિકાસ ના પામે. એમને બંગાળી ભાષાથી વંચિત રખાયા, અંગ્રેજી માધ્યમનું ભણતર અપાયું. થોડાક મોટા થયા ત્યાં જ અંગ્રેજી હોસ્ટેલમાં મૂકી દેવાયા અને ત્યાંથી પાછું દૂર દેશમાં મોકલી દેવામાં આવેલા. એમના પિતાને એમ કે એમના આમ કરવાથી અરવિંદના મનમાં ભારતીયો પ્રત્યે કોઈ માયા મમતા નહીં જાગે અને અંગ્રેજોને આધિન થઈને રહેવું એમાં જ ફાયદો છે એ વાત એમને સમજાઈ જશે. એ જ્યારે પણ દીકરાને પત્ર લખતા ત્યારે ભારતમાં હિન્દુઓની દયનીય હાલત વિશે અચૂક લખતા.

હવે આ નખરાળી જિંદગીની કમાલ જુઓ. પિતા એમ ઈચ્છે છે કે એના દીકરાને ભારત પાછા આવવાનું મન જ ના થાય અને એ આજીવન અંગ્રેજોની નોકરી કર્યા કરે તો સારું. એને માટે થઈને જ એ એમના દરેક પત્રમાં અંગ્રેજો ભારતીયો પર કેવો જુલમ ગુજારે છે એ બધું વિસ્તારથી લખતા હતા. શ્રી અરવિંદ જ્યારે પણ આ પત્રો વાંચતા ત્યારે એમનું દિલ કકળી ઉઠતું. એમને એમના દેશવાસીઓ અને ભારતીય ભાઈઓની ચિંતા સતાવતી અને ત્યાં જ એમણે નક્કી કરેલું કે ગમ્મે તે થાય હવે અંગ્રેજોની ગુલામી નથી કરવી અને ભારત દેશને આઝાદી અપાવે જ છૂટકો...

આ વિચારો મનમાં ઉગીને વિકાસ પામી રહ્યા હતા અને એટલે જ એમણે સરકારી નોકરી માટે સૌથી વધારે જરૂરી એવી ઘોડેસવારી ની પરીક્ષા નહતી આપી. શ્રી અરવિંદના મનમાં દેશસેવાની ભાવના જાગ્રત થઈ ગયેલી અને એમણે એની પર કામ કરેલું એની ના નથી પણ એ એમની આખરી મંઝિલ, આખરી પડાવ ન હતો. એમની કિસ્મત તો એમની પાસે કાંઈક જુદું જ કરાવવા ઈચ્છતી હતી...

અરવિંદ નામના છોકરાની શ્રી અરવિંદ અને પછી મહર્ષિ અરવિંદ સુધીની ગાથા દરેકે જાણવા જેવી છે. જેની પર ભગવાને હાથ મૂક્યો હોય કે નિયતિએ નક્કી કર્યું હોય કે આને મારે આ લેવલ સુધી લઈ જવો છે ત્યારે પછી એ ગમ્મે તે રીતે એનો રસ્તો શોધી જ લે છે. કેડી ભલે વાંકીચૂકી હોય, રસ્તામાં ઢાળ ઓછા અને કાંટા ભરેલા ઊંચા ચઢાણ વધારે હોય જેને મંજિલ સુધી પહોંચવાનું છે એ તો છેવટે ત્યાં પહોંચી જ જાય છે.

શ્રી અરવિંદ અંગ્રેજ મટી પૂરી રીતે ભારતીય બન્યા હતા. સ્વાતંત્ર્ય માટેની લડાઈમાં જોડાયા અને એને માટે જ એમણે જેલમાં પણ જવું પડેલું. ખરો ચમત્કાર આ જેલવાસ દરમિયાન જ બનેલો. અંગ્રેજોને એમ કે એ શ્રી અરવિંદને હેરાન પરેશાન કરી મૂકે. એમણે એટલે જ એમને એક અંધારી કોટડીમાં પૂરી દીધા હતા. ના કોઈ વાત કરવા વાળું મળતું કે ના કશું જ જોવાનું નસીબ થતું. એક માણસ અંધારા ખૂણામાં બેઠો બેઠો શું કરી શકે? એ ગાંડો જ થઈ જાય. એનો એના મગજ પરથી કંટ્રોલ ચાલ્યો જાય...અહીંયા પણ થવું તો એમ જ જોઈતું હતું પણ થયું કંઈ અલગ જ.

શ્રી અરવિંદે ત્યાં અંધારી કોટડીમાં એકલા બેઠે બેઠે પોતાની અંદરના પ્રકાશને ખોજવા પ્રયત્ન કર્યો. વરસો લગી પોતાની અંદર વસતા આત્માને તપાસ્યા કર્યો અને એ જ્ઞાનના માર્ગે વળી ગયા. એમને કશોક અલગ જ પ્રકાશ દેખાઈ ગયેલો. જેલમાંથી બહાર આવ્યા બાદ એમને સમજાયું કે ચિત્તની જે શાંતિ માટે એ અત્યાર સુધી ભટકી રહ્યા હતા એને મેળવવાનો માર્ગ ક્યાંય બહારથી નહીં મળે પણ પોતાની જ અંદર ઝાંખવું પડશે. એમણે યોગ પર લખાયેલા અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો. આત્મા વિશે વાંચ્યું અને ત્યાં એમને ખબર પડી કે હિન્દુ સંસ્કૃતિ એની સાથેના બીજા બધા જ ધર્મ કરતા આ બાબતે કેટલું બધું જાણી ચૂકી છે.

પહેલાં ગુજરાત અને પછીથી પોંડિચેરી જઈ એમણે તપસ્યામય જીવન વ્યતીત કર્યું. વરસો લગી સાધના કરી અને છેવટે એ એમને જોઈતું જ્ઞાન પામીને રહ્યા. આપણાં દેશમાં આવા મહાન સાધુસંતોની, જ્ઞાની માણસોની કોઈ કમી નથી. જેને પણ ઈચ્છા થઈ અને જ્ઞાનના માર્ગે ચાલી નીકળ્યા એ સફળ થયા છે અને એમણે આપણાં માટે એ બધું જ જ્ઞાન પુસ્તકોમાં લખી રાખ્યું છે. હવે જરૂર છે કેટલાક એવા નવા માણસોની જે આ જૂના યોગીઓની મહેનતને જાણી એને આગળ લઈ જઈ શકે.

**અમસ્તું,**

ગાંધીનગરમાં જ આવેલા અરવિંદ કેન્દ્રની એકવાર મુલાકાત લેવા જેવી છે.

@Niyati Kapadia